# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-08-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Sunday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે 14 આદિજાતિ જિલ્લામાં 2 હજાર 500 જેટલા વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરાયા
2) આજે વિશ્વ સિંહ દિવસ-દેવભૂમિ દ્વારકા ખાતે રાજ્યકક્ષાની 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરાશે
3) મહીસાગરના સંતરામપુરમાં સાતકુંડા ઇકોટુરિઝમ સાઇટનું લોકાર્પણ
4) બનાસકાંઠા જિલ્લામાં ગત રાત્રે 3.6ની તીવ્રતાના ભૂકંપનો આંચકો નોંધાયો
5) રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદની શક્યતા નહીંવત્

---

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# CM BIRSA MUNDA-1

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, દેશની સંસ્કૃતિ અને સ્વતંત્રતાના રક્ષણમાં સેંકડો વર્ષ સુધી આદિવાસીઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી વર્ષના ઉપલક્ષ્યમાં સુરતના માંડવી ખાતે યોજાયેલા સમારોહમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યુ. આ પ્રસંગે તેમણે રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓમાં કુલ 480 કરોડના 2 હજાર 500 જેટલા વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યા હતા. આ ઉપરાંત આદિવાસી વિભાગના વિવિધ યોજનાઓના સવા કરોડ રુપિયાના લાભ સહાયનું વિતરણ અને એક કરોડની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ એનાયત કરી હતી. સમારોહ દરમિયાન શ્રી પટેલે આદિજાતિ કલ્યાણ માટે સરકારની કામગીરીની વિગતો આપી.

શ્રી પટેલે કહ્યું, માનગઢમાં ગોવિંદગુરુ શહીદ વન, પાલદઢ વાવમાં વિરાંજલી વન તેમજ આદિવાસી સમાજનાં આસ્થા કેન્દ્રોના વિકાસ માટે રાજ્ય સરકારે અનેક પગલાં લીધા છે.

નવસારી જિલ્લાના વાંસદા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કાર્યક્રમમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આદિજાતીના 10 લાભાર્થીઓને 9 લાખથી વધુ રૂપિયાની વિવિધ સહાય , લાભો વિતરણ કરવા સહિત 12 નાગરિકોને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા હતા.

આદિજાતિ મંત્રી ડૉ. કુબેર ડીંડોરે , પંચમહાલ જિલ્લાના મોરા ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ અને જન જાતીય ગૌરવ વર્ષની ઉજવણી પ્રસંગે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર આદિજાતિ સમાજના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ હોવાથી આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ રોજગાર અને માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે....1

# CM BIRSA MUNDA-2

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે આ પ્રસંગે 658 લાખ રૂપિયાના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

પાટણ જિલ્લાનાં સિદ્ધપુર ખાતે આદિવાસી ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે મંત્રી બલવંતસિંહ રાજપૂતે ભગવાન બિરસા મુંડાની બહાદૂરી અને આદિવાસી હિત માટેના તેમના યોગદાનને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી અને આ નિમિત્તે સિદ્ધપુર ભીલવાસ ખાતેથી આયોજિત ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

તાપી જિલ્લાના વ્યારા ખાતે મંત્રી શ્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પાંચ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનુ લોકાર્પણ મંત્રી શ્રી દ્વારા કરાયું હતું.

મહીસાગર જિલ્લાના સંતરામપુર આઝાદ મેદાન ખાતે પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને વિશ્વ આદિવાદી દિવસની ઉજવણી દરમ્યાન , વિવિધ યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ ઉપરાંત આદિવાસી સમાજના વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ , કલાકારો અને રમતવીરોનું સન્માન કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . .

# WORLD LION DAY

આજે વિશ્વ સિંહ દિવસ છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ટીંબડી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરાશે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના 11 જિલ્લાઓમાં પણ 'સિંહ દિવસ' ઉજવાશે. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : સોનલ પરમાર)

ભાણવડ તાલુકાના ટીંબડી ખાતે સિંહ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીમાં કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ ઉપસ્થિત રહેશે. ઉપરાંત સૌરાષ્ટ્રના જૂનાગઢ, ગીર સોમનાથ , ભાવનગર, રાજકોટ, મોરબી , સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, પોરબંદર અને બોટાદ એમ 11 જિલ્લાઓમાં પણ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરાશે. સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં વસવાટ કરતાં એશિયાઈ સિંહ એ રાજ્યના ગૌરવ સમાન છે. ત્યારે ગયા મે મહિનામાં થયેલી ગણતરી અનુસાર સિંહોની કુલ વસતિ વર્ષ 2020ની સરખામણીએ 32 ટકા વધી છે એટલે કે 674થી વધીને 891 નોંધાઈ છે. પ્રવાસનની રીતે જોઈએ તો વર્ષ 2007-08 થી 2024-25 સુધીમાં ગીર અભયારણ્ય , દેવળિયા અને આંબરડીની મુલાકાત દરમિયાન કુલ 9 લાખથી વધુ પ્રવાસીઓને એશિયાઇ સિંહને નજીકથી નિહાળવાની તક મળી છે.

સોનલ પરમાર આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . . . . .

# MAHISAGAR ECO TURISUM

રાજ્યના પ્રવાસન મંત્રી મૂળૂ બેરા અને શિક્ષણ બાબતોના મંત્રી કુબેર ડિંડોરે મહીસાગરના સંતરામપુરમાં સાતકુંડા ઇકોટુરિઝમ સાઇટનું લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે. રાજ્યમાં પ્રવાસનને વેગ આપવા માટે અનેક સુવિધાઓનો વિકાસ કરવામાં આવ્યો છે. સાતકુંડા ખાતે લોકાર્પણ થયેલ ઇકોટુરિઝમ થકી સ્થાનિક લોકોને રોજગારી મળી રહેશે.

(બાઇટ : મુળુ બેરા, પ્રવાસન મંત્રી)

આ પ્રસંગે મંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે , કુદરતી સૌંદર્યથી ભરપૂર સાતકુંડા ખાતે આવેલ મહાદેવનું મંદિર આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે.

. . . . . . . . . .

# BANASHKANTHA *EARTHQUAKE*

બનાસકાંઠા જિલ્લામાં ગત રાત્રે નવ વાગીને ત્રણ મિનિટે ૩.6ની તીવ્રતાના ભૂકંપનો આંચકો નોંધાયો હતો. આ ભૂકંપનું એપી સેન્ટર અમીરગઢ તાલુકાનું દાનાપુર અને સોનવાડી ગામ હતું.

બનાસકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે , પાલનપુરથી 31 કિલોમીટર ઉતર પૂર્વ ભાગમાં ભૂકંપનું કેન્દ્ર બિંદુ બનાસકાંઠાના અમીરગઢ આસપાસના તાલુકાઓમાં ભૂકંપ અનુભવાયો હતો , લોકો ઘરની બહાર નીકળી ગયા, રાજસ્થાન અને ગુજરાતની સરહદ પર ભૂકંપ અનુભવ્યો હતો , જો કે બંને રાજ્યમાં ક્યાંય પણ જાન માલને નુકશાનના સમાચાર નથી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

…………………………..

# ARVALLI - ACCIDENT

અરવલ્લી જિલ્લાના મોડાસામાં ગત મોડી રાત્રે કાર બ્રિજ પરથી નીચે ખાબતા ત્રણના મોતની આશંકા અને એકનો આબાદ બચાવ થયો છે.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે મોડાસા નજીક આવેલા બાજકોટ ગામની સીમમાં માજુમ બ્રિજ પરથી નીચે પડી જતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતા મોડાસા નગરપાલિકા ફાયર વિભાગ તેમજ પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અને બચાવ કામગીરી હાથ ધરી હતી. વધુ વિગતો જિલ્લાના ACP સંજયકુમાર કોશવાલા આપે છે.

**(બાઇટ - ACP સંજયકુમાર કેશવાલા)**

. . . . . . . .

# DIV – VAVATA PARV

દીવમાં ખારવા સમાજ દ્વારા વાવટા પર્વની ભવ્ય ઉજવણી કરાઇ.ખારવા સમાજની પરંપરા મુજબ શ્રાવણી પૂનમે માછીમારોના રક્ષણ માટે સાત વાવટા સાત ચોરામા ફેરવી માછીમારોના રક્ષણની પ્રાર્થના કરાય છે .દીવના ઘોઘલા ગામે વાવટાની શોભાયાત્રા સાથે વાવટા પર્વની ઉજવણી કરાઇ. વાવટાની ભવ્ય શોભાયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

. . . . . . . . . .

# WEATHER FORECAST

રાજયમાં આગામી પાંચ દિવસ વરસાદની નહિવત શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર આજે ઉત્તર , મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી છે. જેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં છુટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

જોકે ત્યારબાદ રાજ્યમાં ભારે વરસાદનું કોઈ એલર્ટ નથી.

. . . . . . . . . . .

# KABBADI

ગીર સોમનાથ જિલ્લાની વેરાવળની આજોઠા ગામની કુમાર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તાલુકા કક્ષાની  કબડ્ડી સ્પર્ધામાં વિજેતા બન્યાં હતાં. કબડ્ડીની રમતમાં કુલ ૧૪ ટીમ હરિફાઇમાં હતી. આ ૧૪ ટીમોને હરાવી આજોઠા કુમાર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ફાઇનલમાં વિજેતા બન્યાં હતાં.

. . . . . . . . .

# VISANAGAR – RUSHIKESH PATEL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણા જિલ્લાની વિસનગર નગરપાલિકાના રોજિંદા કચરાનું કલેક્શન કરતા ૧૩ વાહનોને પ્રસ્થાન કરાવ્યુ હતું. નગરપાલિકા દ્વારા કચરાના ડોર ટુ ડોર કલેક્શન માટે એક કરોડ દસ લાખ રૂપિયાના ખર્ચે આ વાહનો વસાવાયા છે.જેમાં સુકો અને ભીનો કચરો અલગ રાખી શકાય એવી વ્યવસ્થા વાળા 13 જેટલા જીપીએસ સિસ્ટમ અને માઇક લાગવાયા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વિસનગર સિવિલ ખાતે રોગી કલ્યાણ સમિતિ ની બેઠકમાં ભાગ લઈ દર્દીઓને ઉત્તમ સારવાર મળે એ માટે જરૂરી સૂચન કર્યા હતા.

. . . . . . . .